## તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ગુજરાતના વાર્ષિક અધિવેશન અને 'ગુજરાત ટ્રિલિયન ઈકોનોમી' વિષયક પરિષદમાં સંબોધન કરતા સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસ પથ પર ચાલીને ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા સજ્જ છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગકારોની સાથે રહીને તમામ જરૂરી સપોર્ટ પૂરો પાડવા માટે વચનબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળને યાદ કરતા જણાવ્યું હતું કે, એક સમયે ગુજરાતમાં વિકાસ માત્ર વાપી-વડોદરા બેલ્ટ પૂરતો સીમિત હતો. પરંતુ વડાપ્રધાનશ્રીએ સમગ્ર ગુજરાતના સર્વગ્રાહી વિકાસનો વિચાર કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી અને વીજળી જેવી માળખાકીય જરૂરિયાતો મજબૂત કરી. ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પરિણામે આજે ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટેનું સર્વોત્તમ ડેસ્ટિનેશન બન્યું છે, તેમ જણાવ્યું હતું માઈક્રોન ટેકનોલોજીના ઉદાહરણ સાથે મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ પરના અખૂટ વિશ્વાસને કારણે જ આજે ભારત અને ખાસ કરીને ગુજરાતમાં સેમીકન્ડક્ટર જેવી અત્યાધુનિક ઈન્ડસ્ટ્રીઝ આવી છે. જે કામ દાયકાઓ સુધી અશક્ય લાગતું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આર્થિક ક્ષમતા દર્શાવતા ગર્વ સાથે જણાવ્યું હતું કે, દેશની માત્ર ૫% વસ્તી હોવા છતાં જીડીપીમાં ગુજરાતનો હિસ્સો ૮% છે, જેને આપણે ૧૦% થી ઉપર લઈ જવો છે. મેન્યુફેક્ચરિંગ: દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાત ૧૭% હિસ્સો ધરાવે છે. નિકાસ (Export): દેશના કુલ એક્સપોર્ટમાં ગુજરાતનો હિસ્સો ૩૩% જેટલો માતબર છે. MSME: 2001-02માં જે એમએસએમઈની સંખ્યા ૧.૮૫ લાખ હતી, તે આજે વધીને ૨૭.૯ લાખ થઈ છે. લોજિસ્ટિક્સ: દેશના કુલ કાર્ગો હેન્ડલિંગનો ૪૦% હિસ્સો એકલું ગુજરાત સંભાળે છે. સેક્ટર વાઈઝ હિસ્સો: કેમિકલ ઉદ્યોગમાં ૩૩%, ફાર્મા એક્સપોર્ટમાં ૧૯.૨% અને ડાયમંડ એક્સપોર્ટમાં ૮૦% હિસ્સો ગુજરાતનો છે તેમ જણાવ્યું હતું મુખ્યમંત્રી શ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત એક 'પોલિસી ડ્રિવન સ્ટેટ' છે. ઉદ્યોગકારોને દરેક તબક્કે સપષ્ટતા મળે તે માટે સ્પષ્ટ નીતિઓ બનાવવામાં આવી છે અને સમયની માંગ મુજબ તેમાં જરૂરી બદલાવ પણ લાવવામાં આવે છે. તેમણે કહ્યું કે, ગુજરાતે ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત' માટેનો રોડમેપ તૈયાર કરી લીધો છે અને તેને જમીન પર ઉતારવાનું કાર્ય પણ શરૂ કરી દીધું છે. ઔદ્યોગિક શક્તિમાંથી વૈશ્વિક આર્થિક કેન્દ્ર બનવા તરફ ગુજરાતના દ્રઢ સંકલ્પના આ કાર્યક્રમમાં CII વેસ્ટર્ન રીઝનના ચેરમેન શ્રી ઋષિકુમાર બાગલા, CII ગુજરાતના ચેરમેન શ્રી પ્રેમરાજ કશ્યપ, વાઈસ ચેરમેન શ્રી અચલ બકેરી, માઈક્રોન ટેક્નોલોજીના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ શ્રી ગુરુશરણસિંહ, CIIના અધિકારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# NSTFDCના CMDએ ITDC-MoTA વર્કશોપમાં આદિવાસી હોમસ્ટે માલિકો માટે નાણાકીય સશક્તિકરણ યોજનાઓ પર પ્રકાશ પાડ્યો

### NSTFDC એ આદિવાસી પ્રવાસન સાહસિકો માટે રાહત દરે ધિરાણ અને મહિલા-કેન્દ્રીય યોજનાઓ પ્રદર્શિત કરી




કમલમ્,

નેશનલ શેડ્યુલ્ડ ટ્રાઈબ્સ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSTFDC)ના ચેરમેન-કમ-મેનેજિંગ ડિરેક્ટર, IRS શ્રી ટી. રૌમુઆન પૈતે, નવી દિલ્હીની હોટેલ સમ્રાટ ખાતે આયોજિત ક્ષમતા વર્ધન વર્કશોપમાં ગુજરાત, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમના આદિવાસી હોમસ્ટે માલિકો અને મેનેજરોને સંબોધિત કર્યા હતા. આ વર્કશોપનું આયોજન ઈન્ડિયા ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (ITDC) અને આદિવાસી બાબતોના મંત્રાલય (MoTA) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન, શ્રી પૈતે આદિવાસી બાબતોના મંત્રાલય હેઠળની સર્વોચ્ચ નાણાકીય સંસ્થા તરીકે NSTFDC ના મેન્ડેટ (કાર્યક્ષેત્ર) પર પ્રકાશ પાડ્યો હતો, જેની સ્થાપના રાહત દરે નાણાકીય સહાય દ્વારા અનુસૂચિત જનજાતિના સામાજિક-આર્થિક અને શૈક્ષણિક ઉત્થાનને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આદિવાસી હોમસ્ટે સાહસો સાંસ્કૃતિક રીતે મૂળભૂત અને ટકાઉ આજીવિકાના મોડેલોનું પ્રતિનિધિત્વ કરે છે, અને આવી કાર્યશાળાઓ સરકારી યોજનાઓ અને પાયાના સ્તરના લાભાર્થીઓ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરે છે. શ્રી પૈતે આદિવાસી સાહસિકોને ટેકો આપવા માટે રચાયેલ NSTFDC ની મુખ્ય નાણાકીય યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી:

ટર્મ લોન સ્કીમ (Term Loan Scheme): રાજ્ય ચેનલાઈઝિંગ એજન્સીઓ, જાહેર ક્ષેત્રની બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો દ્વારા યુનિટ દીઠ ૫૦ લાખ રૂપિયા સુધીની રાહત દરે નાણાકીય સહાય પૂરી પાડે છે. આ યોજના આદિવાસી હોમસ્ટે માલિકોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, નવીનીકરણ અને વિસ્તરણમાં રોકાણ કરવા સક્ષમ બનાવે છે.

આદિવાસી મહિલા સશક્તિકરણ યોજના (AMSY): અનુસૂચિત જનજાતિની મહિલા સાહસિકો માટેની એક સમર્પિત યોજના જે વાર્ષિક ૪ ટકાના રાહત વ્યાજ દરે લોન આપે છે, જે ફરજિયાત પ્રમોટર યોગદાન વિના પ્રોજેક્ટ ખર્ચના ૯૦ ટકા સુધીનું ધિરાણ પૂરું પાડે છે

સ્વ-સહાય જૂથો (SHGs) માટે માઈક્રો ક્રેડિટ સ્કીમ: આદિવાસી SHGs માટે હોસ્પિટાલિટી સેવાઓ, સામુદાયિક રસોડું, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પરંપરાગત હસ્તકલા જેવી સામૂહિક આવક પેદા કરતી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ધિરાણની સુવિધા આપે છે.

શ્રી પૈતે સહભાગીઓને તેમના હોમસ્ટે સાહસોને વધારવા માટે તેમની સંબંધિત રાજ્ય ચેનલાઈઝિંગ એજન્સીઓ અને આદિવાસી વિકાસ નિગમો દ્વારા આ યોજનાઓ તપાસવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

NSTFDC ની વિસ્તરી રહેલી પહોંચ પર પ્રકાશ પાડતા, શ્રી પૈતે નોંધ્યું હતું કે કોર્પોરેશન રાજ્યની એજન્સીઓ સાથે ભાગીદારી અને જનરલ લોન એગ્રીમેન્ટ્સ દ્વારા રાજ્યોમાં પોતાની હાજરી મજબૂત કરવાનું ચાલુ રાખે છે. તેમણે હોમસ્ટે માલિકોને નાણાકીય સહાય મેળવવા અને ટકાઉ સાહસો બનાવવા માટે સંસ્થાકીય મિકેનિઝમ્સ સાથે સક્રિયપણે જોડાવા વિનંતી કરી હતી.

તેમણે રેખાંકિત કર્યું કે NSTFDC ની પહેલોનો ઉદ્દેશ્ય પ્રવાસન ક્ષેત્રમાં આદિવાસી સાહસિકોમાં આર્થિક આત્મનિર્ભરતા, ધિરાણપાત્રતા અને સ્પર્ધાત્મકતા વધારવાનો છે.

"દરેક આદિવાસી હોમસ્ટેએ ભારતના સ્વદેશી આત્માની એક બારી છે. NSTFDCની યોજનાઓ એ સુનિશ્ચિત કરવા માટે અસ્તિત્વમાં છે કે આ વારસાને સાચવતા પરિવારો પણ તેમાંથી સમૃદ્ધ થાય. અમે આદિવાસી સાહસિકોને, ખાસ કરીને મહિલાઓને, આ તકોનો ઉપયોગ કરવા અને મજબૂત સાહસો બનાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ." —શ્રી ટી. રૌમુઆન પૈતે, IRS, CMD, NSTFDC

# સંવેદનાને હચમચાવતો રૂડો અવસર : કુકણાઓનું "દેવકારે"



કમલમ્,

દુ:ખ અને આનંદ એકસાથે અનુભવાતો હોય એવો કોઈ પ્રસંગ હોય તો તે "દેવકારે" તરીકે ઓળખાતો મરણવિધિનો છેલ્લો પ્રસંગ છે. કરુણ હોવા છતાં આ વિધિ મંગળમય છે. મૃત્યુ પછીની છેલ્લી વિધિનો ઉત્સવ હોવા છતાં તેને લગ્નની જેમ ધામધૂમથી ઉજવવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના ધરમપુર અને વાંસદા વિસ્તારમાં વસતા કુકણા તરીકે ઓળખાતા અને આદિવાસી તરીકે વર્ગીકૃત એક પ્રાચીન સમુદાયમાં મરણ અને મરણોત્તર વિધિવિધાન અત્યંત વિશિષ્ટ અને અનોખાં છે. કુકણા સમાજમાં મૃત્યુ પામેલ વ્યક્તિ માટે "દેવકારે" નામે ઉત્સવ ઉજવવામાં આવે છે. તેમાં મરનારના નામે બનાવવામાં આવેલી ચાંદીની મૂર્તિને દેવરૂપ આપી પિતૃદેવ તરીકે કાયમી પ્રસ્થાપિત કરવામાં આવે છે અને ત્યારબાદ તેની પૂજા કરવામાં આવે છે. આ પરંપરા આજે પણ ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવાય છે. દર વર્ષે પોષ મહિનામાં આખો મહિનો અને ચૈત્ર મહિનાના સુદ પક્ષના પંદર દિવસ દેવકારેની ઉજવણી માટે નિર્ધારિત છે. આ સમય સિવાય દેવકારે કરવામાં આવતું નથી. સાંજથી શરૂ થતો દેવકારે ઉત્સવ ઢાક વાદ્યના તાલે કથાગીતો ગાઈને ઉજવવામાં આવે છે. દેવકારેના કથાગીતોમાં ધરતી પર થયેલા જળપ્રલય, નવી ધરતીની ઉત્પત્તિ, જીવસૃષ્ટિની રચના અને માનવજીવનમાં મરણ તથા તેની વિધિઓ વિશેની કથાઓ રાતભર ગવાય છે. જ્યારે કલાકારો વિરામ લે છે ત્યારે ગામની બહેનો દેવગીતો ગાઈ સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવે છે. ઉજવણીના સ્થળે ચોખાના પુંજ પર પીઢીનાં પાંચ મૂળ દેવો અને અગાઉના પિતૃદેવોની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવે છે. જેમને આ દેવકારે દરમિયાન દેવરૂપ આપવાનું હોય તેવી મૂર્તિઓ પુંજની બહાર મૂકવામાં આવે છે. જો મરનાર પુરુષ હોય તો ઘોડા પર બેસેલી પુરુષની મૂર્તિને "Eh" કહેવામાં આવે છે. જ્યારે મરનાર સ્ત્રી હોય ત્યારે તેની મૂર્તિ ઉભી રહેલી સ્થિતિમાં હોય છે અને હાથમાં અનાજના કણસલા તથા બીજી તરફ પાણીથી ભરેલા પાંચ-છ દેગડા દર્શાવવામાં આવે છે. તેને "સુપલી" કહેવાય છે. જોકે વિસ્તાર પ્રમાણે મૂર્તિઓની રચના અને સ્થિતિમાં થોડો ફેરફાર જોવા મળે છે. દેવકારેની કેટલીક વિધિઓ લગ્નવિધિ જેવી જ હોય છે. જેમાં ધાન સુતની, તેલાવણા વિધિ અને કુળના સભ્યોના ઘરે તોરણ બાંધવાની વિધિઓ ગીતો સાથે કરવામાં આવે છે. ઉત્સવનો બીજો દિવસ અત્યંત સંવેદનશીલ હોય છે. મરનાર વ્યક્તિદીઠ એક વ્યક્તિને "ઘુમારો" તરીકે રાખવામાં આવે છે. લોકોમાં એવી માન્યતા છે કે આ દિવસે મરનારનો આત્મા થોડા સમય માટે ઘુમારાના શરીરમાં પ્રવેશી સગાં-સંબંધીઓ સાથે છેલ્લી વાર વાતચીત કરે છે. આ સમયે સમગ્ર વાતાવરણ ખૂબ જ કરુણ બની જાય છે. અનેક મૃતાત્માઓની વિધિ ચાલી રહી હોય ત્યારે આખું માહોલ રડારોળથી ભરાઈ જાય છે. આ મરનારના નામે છેલ્લું રડવાનું હોય છે. ત્યારબાદ તે પિતૃદેવ બની જાય છે.

લોકભાષાઓમાં કથાગીતો અને ગીતકથાઓ ગાવાની પરંપરા ખૂબ પ્રાચીન છે. આ પરંપરાને કુકણા સમાજે આજે પણ જીવંત રાખી છે. કન્સરી, ડુંગરદેવ, માવલી, હિમાઈ દેવીના દેવવરાઢ અને દેવકારેના કથાગીતો આજે પણ કુકણાઓમાં પ્રચલિત છે. આ એક અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે, જે દક્ષિણ ગુજરાતની આદિવાસી સંસ્કૃતિની જીવંત ઓળખ તરીકે આજે પણ ટકી રહ્યો છે.

# લીંબડી તાલુકામાં ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણાના હસ્તે રૂ. ૮.૧૪ કરોડના રોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત

### સ્વામિનારાયણ મંદિરથી ઉંટડી પુલ સુધી બનશે અત્યાધુનિક સી.સી. રોડઃ સ્થાનિકો અને ખેડૂતોને મળશે મોટી રાહત



કમલમ્,સુરેન્દ્રનગર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરેક વિસ્તારમાં પાયાની સુવિધાઓ સુદ્રઢ બનાવવાના અભિગમ સાથે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં વિકાસના કાર્યોને વેગ આપવામાં આવ્યો છે. લીંબડીના ધારાસભ્યશ્રી કિરીટસિંહ રાણાના હસ્તે તાલુકામાં અંદાજે રૂા. ૮.૧૪ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સી.સી. રોડના કામનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ અન્વયે લીંબડીના સ્વામિનારાયણ મંદિરથી ઉંટડી પુલ સુધી તથા જગદીશ આશ્રમ બાયપાસ રોડ પર આ સી.સી. રોડનું નિર્માણ કરવામાં આવશે. 'વિકાસપથ યોજના' અંતર્ગત તૈયાર થનારા આ માર્ગ ઉપર સુરક્ષા અને સુવિધા માટે ડિવાઈડર, સ્ટ્રીટ લાઈટ, આર.સી.સી. ગટર અને રાહદારીઓ માટે ફુટપાથ જેવી આધુનિક સુવિધાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના માનવી સુધી વિકાસના ફળો પહોંચાડવા માટે કટિબદ્ધ છે. રસ્તાઓ એ કોઈપણ વિસ્તારના વિકાસની ધમની સમાન છે. આ ગુણવત્તાયુક્ત માર્ગો બનવાથી સ્થાનિક ખેડૂતોને પોતાનો પાક બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે અને વિદ્યાર્થીઓ તેમજ નોકરિયાત વર્ગની અવરજવર પણ સુગમ બનશે. વધુમાં, તેમને આ કાર્ય સમયમર્યાદામાં અને શ્રેષ્ઠ ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે સંબંધિતોને સૂચનાઓ પણ આપી હતી. આ નવા રસ્તાઓના નિર્માણથી લીંબડી અને આસપાસના અનેક ગામોના લોકોને સીધો ફાયદો થશે. તેનાથી વાહનચાલકોના સમય અને ઈંધણ બંનેની બચત થશે અને વિસ્તારના આર્થિક-સામાજિક વિકાસને નવી ગતિ મળશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના સંતો-મહંતો, તાલુકાના અગ્રણીશ્રીઓ, સ્થાનિક પંચાયતના હોદ્દેદારો, માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બહાઉદ્દીન વિનયન કોલેજ જૂનાગઢ ખાતે SSIP યોજના હેઠળ બે વિદ્યાર્થી ટીમોને ગ્રાન્ટ મંજૂર



કમલમ્,

બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જૂનાગઢ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત વિદ્યાર્થીઓમાં નવીનતા, સ્ટાર્ટઅપ તથા વ્યવસાયિક વિચારોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી નવીન પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને તેમના નવીન વિચારોને વસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે કુલ ૨,૫૦,૦૦૦/- સુધીની આર્થિક તેમજ માર્ગદર્શન સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સંસ્થાના બે વિદ્યાર્થી સમૂહોને તેમના પ્રોજેક્ટ માટે roof of Concept (PoC) ની કામગીરી કરવા આર્થિક સહાય મંજૂર કરવામાં આવેલ છે. પ્રથમ ટીમ તરીકે દ્વિતીય વર્ષની વિદ્યાર્થીનીઓ માણેક પાયલ વી. તથા કટારા દેવાય કે. દ્વારા રજૂ કરાયેલા "હર્બલ સાબુ - પ્રાકૃતિક ઘટકો આધારિત ત્વચા-મૈત્રી સ્નાનસાબુ" પ્રોજેક્ટ માટે રૂપિયા ૭૦૦૦/- નો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવેલ છે. બીજી ટીમ તરીકે એમ.એ. નાં વિદ્યાર્થીઓ તરીકે વિશાલ સાંજવા તથા વરુ સુમિત દ્વારા રજૂ કરાયેલા "ભૂલાઈ રહેલા ભારતીય મોસમી ફળોને નવું જીવન" પ્રોજેક્ટ માટે રૂપિયા ૧૯૦૦૦/- નો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ SSIP સ્ક્રૂટીની સમિતિના સંપૂર્ણ મૂલ્યાંકન તથા માર્ગદર્શન હેઠળ મંજૂર કરવામાં આવેલ છે. આ યોજનાની સંપૂર્ણ કામગીરી સંસ્થાનાં આચાર્યશ્રી ડો. જે. આર. વાંઝા સાહેબના માર્ગદર્શન હેઠળ SSIP કો-ઓર્ડિનેટર ડો. દીપિકા કેવલાણી તથા SSIP સમિતિના સભ્યો પ્રો. આર. એચ. પરમાર, ડો. દીના લોઢીયા, ડો. જિગ્નેશ કાચા અને ડો. મેઘરાજ જાડેજા દ્વારા કરવામાં આવેલ હતી.

# અમદાવાદના ઐતિહાસિક અને ઔદ્યોગિક વારસાથી જામનગરના યુવાનો પરિચિત થયા

### અમદાવાદ અને જામનગર જિલ્લા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો મજબૂત બન્યાં



કમલમ્,

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હસ્તકના 'માય ભારત' અમદાવાદ દ્વારા જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશ કુમાર ઝવેરીના કુશળ માર્ગદર્શન હેઠળ અમદાવાદ અને જામનગર જિલ્લા વચ્ચે પાંચ દિવસીય આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગત તા. ૧૩ થી ૧૭ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જામનગરના યુવાનોમાં અમદાવાદ જિલ્લાના વિવિધ પાસાઓ અંગેની સમજ કેળવવી, સાંસ્કૃતિક એકતા પ્રસ્થાપિત કરવી અને રાષ્ટ્રીય ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો.

આ પાંચ દિવસીય સફર દરમિયાન યુવાનોએ માત્ર ભૌગોલિક સીમાઓ જ નહીં પરંતુ જ્ઞાન અને સંસ્કારનું પણ આદાન-પ્રદાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન આયોજિત વિવિધ સત્રોમાં યુવાનોને વર્તમાન સમયના અત્યંત મહત્વના વિષયો જેવા કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ફાયર સેફ્ટી, યોગ અને માનસિક સ્વાસ્થ્ય તેમજ કેરિયર ગાઈડન્સ અને બિઝનેસ ડેવલપમેન્ટ અંગે ગહન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ જ્ઞાનવર્ધક સત્રો અને ફિલ્ડ મુલાકાતોના માધ્યમથી સહભાગી યુવાનોએ નવીન ટેકનોલોજી અને ઉદ્યોગ જગતના પ્રવાહો વિશે માહિતી મેળવી હતી, જે તેમના સર્વાંગી વિકાસ માટે પાયારૂપ સાબિત થશે. જ્ઞાનની સાથે સાથે યુવાનોએ અમદાવાદના ગૌરવ સમાન વિવિધ સ્થળોની મુલાકાત પણ લીધી હતી. જેમાં સાબરમતી આશ્રમની શાંતિ, સાયન્સ સિટીની રોમાંચક દુનિયા, અમૂલ ફેડ ડેરીનું આધુનિક સંચાલન અને કાંકરિયા લેક, ઝૂ તથા અટલ બ્રિજ જેવા પર્યટન સ્થળોનો સમાવેશ થાય છે. આ મુલાકાતો દ્વારા જામનગરના યુવાનોને અમદાવાદના ઐતિહાસિક, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વારસાનો પ્રત્યક્ષ અનુભવ કરવાની અમૂલ્ય તક સાંપડી હતી.

મહાનુભાવોએ યુવાનોને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સક્રિયતાથી જોડાવા અને પ્રાપ્ત કરેલા અનુભવોને જીવનમાં ઉતારવા પ્રેરક સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના સમાપન પ્રસંગે એન.એસ.એસ. રિજનલ ડાયરેક્ટર ડૉ. કમલકર કુમાર, જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશ ઝવેરી તેમજ તેરાપંથ સેવા સમાજના અગ્રણીઓ શ્રી સજ્જન લાલ સંઘવી, શ્રી દિનેશ બાલડ અને શ્રી સૂરજમલ ઈતોડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર ખાતે એકદિવસીય શિબિરનું આયોજન



કમલમ્,

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન-બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી અત્રેની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓને શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર ખાતે એકદિવસીય યોજાઈ હતી ૯.૩૦ વાગ્યા થી લઈ ૧.૦૦ વાગ્યા સુધીની શિબિરનું આયોજન હતું. જેમાં અલ્પાહારની વ્યવસ્થા તેમજ ભોજન ની વ્યવસ્થા પણ કરવામાં હતી. સાથે સાથે વિદ્યાર્થીઓન પાસે શ્રી અરવિંદ અને શ્રીમાતાજીના જીવન બબતે વક્તવ્ય કરાવવામાં આવ્યા હતા. કુલ ૯૫ વિદ્યાર્થીઓ આજની તાલીમ શિબિરમાં જોડાયા હતા. અને ૨૭ વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર તરફથી સંસ્થા ના ચેરમેનશ્રી ડો.સી.કે.તન્ના સાહેબ નો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. શિબિરમાં કેન્દ્રના ટ્રસ્ટીશ્રી મફતભાઈ વાઘેલા, પ્રદીપભાઈ ગેહલોત તેમજ બાબુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને આજે શ્રીઅરવિંદ, શ્રીમાતાજી, ઓરોવિલ્લ-માતૃમંદિર તેમજ પોંડિચેરી આશ્રમ અને બંને મહાનુભાવોના ચિન્હો વિષે ચર્ચા કરવામાં આવી હતી. ૯..૦૦ વાગ્યા થી લઈ ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રીઅરવિંદ, શ્રીમાતાજી તેમજ પોંડીચેરીઆશ્રમ, ઓરોવીલ્લ જેવા અનેક વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યાર વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો રજુ કર્યા આજના ડીજીટલ યુગમાં વ્યક્તિને મનની શાંતિ મેળવવી હશે તો આવા કોઈ પવિત્ર સ્થાન પર મળશે. જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડમાં માણસમાં ડીપ્રેશન, સ્ટ્રેસ સહીત માનીસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન-યોગ, ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવુતિઓથી થઈ શકે છે. આથી વ્યક્તિને માનસિક રીતે મજબુત થવા ઉપરોક્ત પ્રવુતિઓમાં જોડાવું જોઈએ. સમગ્ર શિબિર બાદ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું. કે કોલેજ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન થાય છે. જે અમારા સર્વાંગી વિકાસ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

વિદ્યાર્થીઓને ડીગ્રીની સાથેસાથે પોતાની આંતરિક સુઝને કેળવવા માટે વધુને વધુ અધ્યાત્મ, યોગ, ધ્યાન તેમજ વાંચન, વકૃત્વ ની કળાને ખીલવવી જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવે તો ખુબ સારી કારકિર્દીનું ઘડતર તેમજ સમાજમાં શ્રેષ્ઠ નાગરિક તરીકે સફળ બનવાના માર્ગે અગ્રેસર થઈ શકાય. સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના તેમજ યુનીવર્સીટી ના દ્રજીજી વિભાગના પ્રોગ્રામ કો ઓર્ડીનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ સહિત કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# SPU એ વૈશ્વિક ઉદ્યોગ ધોરણોને અનુરૂપ, ભવિષ્યલક્ષી અને કુશળતા આધારિત શિક્ષણને નવી ઊંચાઈ આપવા IBM Innovation Centre for Education (ICE) સાથે ઐતિહાસિક MoU પર હસ્તાક્ષર કર્યા



કમલમ્,વિસનગર,

વૈશ્વિક સ્તરે ઝડપથી પરિવર્તન પામતી ઉદ્યોગની માંગોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને વધુ ઉદ્યોગલક્ષી અને પ્રયોગાત્મક શિક્ષણ પ્રદાન કરવા સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU) એ IBM ICE Innovation Centre for Education સાથે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ MoU નો મુખ્ય હેતુ યુનિવર્સિટી ઈકોસિસ્ટમમાં વૈશ્વિક ધોરણોને અનુરૂપ, ઉદ્યોગચાલિત કાર્યક્રમો અને અદ્યતન ટેક્નોલોજીકલ તાલીમનો સમાવેશ કરવો છે. આ સહયોગ હેઠળ SPU, IBM Innovation Centre for Education (ICE) ના અદ્યતન અભ્યાસક્રમને એક મજબૂત ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ, નિષ્ણાત માર્ગદર્શન અને સતત ઉદ્યોગ જોડાણ સાથે અમલમાં મૂકાશે. આ પહેલના ભાગરૂપે SPU વિશેષ કાર્યક્રમો જેમ કે B.Tech in AI, ML& DS તેમજ AI આધારિત Cloud અને DevOps ઓફર કરશે. આ સહયોગમાં કેસ આધારિત શિક્ષણ, રિયલ-ટાઈમ પ્રોજેક્ટ્સ અને ઈન્ટર્નશિપ્સ પર ખાસ ભાર મૂકવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને વ્યવહારિક અનુભવ મળે અને તેઓ ઉદ્યોગ માટે તૈયાર બને? આ પહેલને Student Development Programs (SDP), વર્કશોપ્સ અને IBM નિષ્ણાતોના માર્ગદર્શન દ્વારા વધુ મજબૂત બનાવવામાં આવશે. આ પ્રતિષ્ઠિત MoU પર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી તરફથી પ્રમુખ શ્રી, પ્રકાશભાઈ પટેલ અને IBM India Private Limited તરફથી કન્ટ્રી મેનેજર – ટેક્નોલોજી એક્સપર્ટ લેબ્સ શ્રી જગદીશા ભટ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ અવસરે IBM ના ઓપરેશન્સ હેડ – વેસ્ટર્ન રિજિયન શ્રી હરી તથા સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ડિરેક્ટર – IQAC ડૉ. ચેતન ચૌધરીની માનનીય ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું હતું. આ MoU સહી સમારોહ ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્ર વચ્ચેના સહયોગને મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ મીલનો પથ્થર સાબિત થયો છે અને ભવિષ્યલક્ષી, ઉદ્યોગ અનુરૂપ શિક્ષણ પ્રદાન કરવા માટેની સંયુક્ત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. SPU એ અગાઉથી જ NVIDIA સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં Centres of Excellence સ્થાપિત કર્યા છે, જે વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ અને અદ્યતન શિક્ષણમાં સહાય કરે છે. યુનિવર્સિટી અધિકારીઓએ જણાવ્યું હતું કે આ MoU, SPU ની ગુણવત્તાસભર અને કૌશલ્ય આધારિત શિક્ષણ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે અને વિદ્યાર્થીઓને વૈશ્વિક ઉદ્યોગની બદલાતી જરૂરિયાતો માટે તૈયાર કરે છે. આ પહેલ સાથે SPU નવીનતા, રોજગારક્ષમતા અને ભવિષ્યલક્ષી શિક્ષણ પર કેન્દ્રિત એક પ્રગતિશીલ સંસ્થા તરીકે પોતાની ઓળખને વધુ મજબૂત બનાવી રહી છે.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં છોટાઉદેપુર ખાતે બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયું

## કૉંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન અને ભાજપ પાસે દરેક સમસ્યાનું નિરાકરણ છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા






## આદિવાસી સમાજને કૉંગ્રેસે વર્ષો સુધી છેતર્યો, જ્યારે ભાજપાએ સાચા અર્થમાં તેમને વિકાસ, સન્માન અને હક આપવાનો પ્રયાસ કર્યો- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વિશેષ ઉપસ્થિતિમાં છોટાઉદેપુર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. છોટાઉદેપુરમાં આયોજિત બૂથ કાર્યકર્તા સંમેલનનો મંડપ ગઈકાલે ભારે પવનના કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો, છતાં કાર્યકર્તાઓના આગ્રહથી કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો હતો ત્યારે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા મંચ છોડી, કાર્યકર્તાઓની હરોળમાં તડકે ઊભા રહી સંવાદ કર્યો હતો. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ બાબા પિઠોરાદેવ અને મહાકાળા માતાજીના જયનાદ સાથે આદિવાસી સંસ્કૃતિને વંદન કરી તેમના સંબોધનની શરૂઆત કરી પ્રતિકૂળ હવામાન છતાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકર્તાઓની કર્મનિષ્ઠાને બિરદાવતા જણાવ્યું કે, ભાજપનો કાર્યકર્તા ક્યારેય થાકતો કે હારતો નથી; તે માત્ર ચૂંટણી માટે નહીં પણ જનસેવા માટે સમર્પિત છે. મેં બૂથ પ્રમુખ તરીકે દીવાલો પર કમળ દોર્યા છે, આજે પાયાના કાર્યકર્તાઓના સહારે જ હું મંચ સુધી પહોંચ્યો છું. મારા માટે બૂથનો કાર્યકર્તા મંચ પર બેસનાર સૌથી મોટો કાર્યકર્તા છે. જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં પણ સરકારની યોજનાઓ ઘર-ઘર પહોંચાડવાનું કામ કાર્યકર્તાઓ કરે છે. ભાજપાનો કાર્યકર્તા માત્ર ચૂંટણી માટે નહીં પરંતુ સેવા માટે કાર્ય કરે છે.

આદિવાસી અસ્મિતા અને વિકાસની વાત કરતા શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, પીઠોરા ચિત્રકલા અને આદિવાસી વારસાને ગ્લોબલ પ્લેટફોર્મ પૂરું પાડવાનું કાર્ય ભાજપ સરકારે કર્યું છે. બજેટના પ્રથમ પેજ પર આદિવાસી સંસ્કૃતિને સ્થાન આપી સરકારે ખરા અર્થમાં આદિવાસી સમાજનું સન્માન જાળવ્યું છે. તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે નર્મદાનું પાણી, આયુષ્માન કાર્ડ (૧૦ લાખ સુધીની સહાય), પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના અને મફત અનાજ વિતરણનો ઉલ્લેખ કરી જણાવ્યું કે છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવો એ જ ભાજપની પ્રાથમિકતા છે.

૫૫૦૦ કરોડના ખર્ચે બે વખત પાણી લિફ્ટ કરીને આપણા ત્રણ જિલ્લાઓ સુધી નર્મદાનું પાણી પહોંચાડવાનું ઐતિહાસિક કામ કરવામાં આવ્યું છે. ગરીબ પરિવારની દીકરી અભ્યાસથી વંચિત ન રહે તે માટે દીકરીનો હાથ પકડી શાળાના દ્વાર સુધી લઈ જનાર કોઈ મુખ્યમંત્રી રહ્યા હોય તો તે આજે દેશના વડાપ્રધાન બનેલા શ્રી મોદીજી જ છે. તેમણે જણાવ્યું કે, આદિવાસી સમાજે આઝાદીની લડાઈથી લઈને બ્રિટિશ શાસન સામે કઠિન સંઘર્ષ કર્યો છે. જંગલ, જમીન અને જળની રક્ષા કરનાર આદિવાસી સમાજને છેતરવા માટે જે કાળો પંજો આવે છે તે હવે સફળ થવાનો નથી. કૉંગ્રેસે વર્ષો સુધી ફક્ત વાયદા કર્યા, ભ્રષ્ટાચાર કર્યો અને આદિવાસી સમાજને છેતર્યો, જ્યારે ભારતીય જનતા પાર્ટીએ સાચા અર્થમાં તેમને સન્માન અને હક આપવાનો પ્રયાસ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ કૉંગ્રેસના કાળા પંજાના મુખમાંથી આદિવાસીઓને છોડાવવાનું કાર્ય કર્યુ છે. આવનારી ચૂંટણીમાં કૉંગ્રેસનો કાળો પંજો આદિવાસીઓને છેતરવામાં સફળ નહિ થાય. વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, વિરોધ પક્ષે માત્રને માત્ર વિકાસનો પ્રવાહ રોકવાનો પ્રયાસ કર્યો છે, કૉંગ્રેસે માત્ર વિરોધ કર્યો છે.

કૉંગ્રેસ ૬૦ વર્ષોમાં દેખાવો કરવામાં, ખોટા વિરોધ કરવામાં, જૂઠુ બોલવામાં, વચનો આપવામાં, ભ્રષ્ટાચાર કરવામાં, વિકાસથી વંચિત રાખવામાં નંબર વન છે. ચૂંટણી આવે ત્યારે કૉંગ્રેસ દેખાય, ચૂંટણી જાય એટલે કૉંગ્રેસ જતી રહે છે. કૉંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન અને ભાજપ પાસે દરેક સમસ્યાનું નિરાકરણ છે.

લોકો ભાજપાની કમળવાળી સરકાર પર વિશ્વાસ રાખે છે અને દરેક ચૂંટણીમાં આ વિશ્વાસ વધુ મજબૂત બની રહ્યો છે.

અંતમાં, તેમણે કાર્યકર્તાઓને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 'કમળ'ને ભવ્ય વિજય અપાવવા આહ્વાન કર્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આદિવાસી સમાજનું તીર કામઠું ક્યારેય નિશાન ચૂકતું નથી, તે વિકાસની રાજનીતિ પર ભરોસો રાખી ફરી એકવાર ભાજપને વિજયી બનાવશે. વિજય બાદ આ જીતનું 'કમળ' મહાકાળી માતાજીના ચરણોમાં અર્પણ કરવાનો સંકલ્પ દોહરાવી તેમણે કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ પૂરો પાડ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને પૂર્વ સાંસદશ્રી ગીતાબેન રાઠવા, સાંસદશ્રી જશુભાઈ રાઠવા, જિલ્લાના પ્રભારીશ્રી હિંમતભાઈ, જિલ્લા પ્રમુખશ્રી ઉમેશભાઈ રાઠવા, છોટાઉદેપુરના ધારાસભ્યશ્રી શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી, જેતપુરના ધારાસભ્ય જયંતિભાઈ રાઠવા, સ્થાનિક ભાજપા આગેવાનો, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



કમલમ્,

પવિત્ર ચૈત્ર બીજના પાવન અવસરે રોહિત સમાજ આગેવાન સાથે રામદેવપીર મંદિર, ભીલવણ ચોકડી ખાતે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે દર્શન કરી ધન્યતા અનુભવી. બાબા રામદેવપીરના ચરણોમાં પ્રાર્થના છે કે તેઓ સૌ પર પોતાની કૃપાદૃષ્ટિ વરસાવે, દરેકના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તથા સમાજમાં એકતા અને સદભાવના વધે એવી શુભેચ્છાઓ. આ પ્રસંગે શ્રી સોમનાથ મહારાજ, શ્રી અશોકભાઈ ચૌધરી, શ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી સોમજી ઠાકોર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, સામાજિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.


## દ્વારકામાં તા.૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનું ભવ્ય સ્વાગત કરાશે

### ઉજવણીના આયોજન અંગે પ્રાંત અધિકારીશ્રી અમોલ આવતેની અદયક્ષતામાં દ્વારકા નગરપાલિકા ખાતે બેઠક યોજાઇ



કમલમ્,દેવભૂમિ દ્વારકા

શ્રીકૃષ્ણ રુકમણીજી વિવાહ પ્રસંગની ઉજવણીરૂપે તા.૩૧ માર્ચે દ્વારકામાં શ્રીકૃષ્ણ રુકમણીજી રથનું શહેરમાં વિવિધ સ્થળે ભવ્ય સ્વાગત કરાશે અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, જેના અનુસંધાને દ્વારકા નગરપાલિકા ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી અમોલ આવતે તેમજ દ્વારકાધીશ મંદિર વહીવટદાર શ્રી હિમાંશુ ચૌહાણે દ્વારકા શહેરમાં શોભાયાત્રાનું વિવિધ સ્થળે સ્વાગત, મલ્ટીમીડિયા શો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન સંદર્ભે ટ્રાફિક મેનેજમેન્ટ, પાર્કિંગ, આરોગ્ય, પીવાનું પાણી, વીજપુરવઠો, શોભાયાત્રાના સમગ્ર રૂટ પર સ્વચ્છતા સહિતની વ્યવસ્થાઓ અંગે કરાયેલ પૂર્વતૈયારીની માહિતી વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી મેળવીને સમીક્ષા કરી હતી.




## સિંધી સમાજે સાહસ, પરિશ્રમ અને પુરુષાર્થથી વેપાર-વાણિજય સહિત અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનો પરચમ લહેરાવ્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



**ગુજરાતને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવનાર સિંધી સમાજે પોતાની ભાષા અને ઓળખ જાળવી રાખી દૂધમાં સાકરની જેમ ભળી જઈ રાજ્યના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સિંધી સમાજના ભાઈઓ-બહેનોને ચેટીચંડના પવિત્ર તહેવારની શુભેચ્છાઓ પાઠવી ભગવાન ઝૂલેલાલની શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચેટીચંડ મહોત્સવ સમિતિ દ્વારા નરોડા પાટિયા ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ચેટીચંડ દરિયાદેવની આરાધનાનો પવિત્ર તહેવાર છે અને આ સાથે ચૈત્રી નવરાત્રીની ઉપાસનાનો પણ પાવન અવસર છે. તેમણે કહ્યું કે સિંધી સમાજ સાહસ, પરિશ્રમ અને પુરુષાર્થ માટે ઓળખાય છે અને આ સમાજે વેપાર-વાણિજય સહિત અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનો પરચમ લહેરાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે સિંધમાંથી આવી ગુજરાતને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવનાર સિંધી સમાજે પોતાની ભાષા અને ઓળખ જાળવી રાખતા ગુજરાતની સંસ્કૃતિમાં દૂધમાં સાકરની જેમ ભળી જઈ રાજ્યના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું છે. સમાજની આ ભાવના "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના મંત્રને સાકાર કરે છે. તેમણે ઉમેર્યું કે નવી પેઢી પોતાની પરંપરા અને વિરાસત સાથે જોડાય તે માટે આવા ધાર્મિક અને સામૂહિક આયોજન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા "કેચ ધ રેઈન", "એક પેડ મા કે નામ" અને "સ્વચ્છ ભારત" જેવા અભિયાનોમાં સિંધી સમાજ સક્રિય સહભાગી બને તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. પાયલબેન કુકરાનીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે સિંધી સમાજે પોતાના વતન સિંધને છોડીને ભારતને પોતાનું ઘર બનાવ્યું અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા, , સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા અને શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીમતી કંચનબેન રાદડિયા, પૂર્વ મંત્રીશ્રી માયાબેન કોડનાણી, પૂર્વ ધારાસભ્ય શ્રી નિર્મલાબેન વાધવાની, સિંધી સમાજના સંતો-મહંતો અને ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





કમલમ્,

જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ બનાસકાંઠા દ્વારા સંચાલિત મહારાણા પ્રતાપ સેવા ગ્રુપ દ્વારા આયોજીત વિના મુલ્ય ચકલી ઘર તેમજ પાણીના કુંડાનું વિતરણ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ના હસ્તે કરવામાં આવ્યું. ગરમીના કપરા સમયમાં નિર્વાચિત પક્ષીઓ માટે પાણી અને આશ્રયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આ એક સરાહનીય અને પ્રેરણાદાયી પહેલ હતી. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સેવાભાવી મિત્રો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા અને આ કાર્યમાં સહભાગી બની પોતાના સામાજિક જવાબદારીનું સુંદર નિભાવ કર્યું. આ સેવાકીય કાર્ય દ્વારા સમાજમાં પ્રકૃતિ પ્રત્યેનો લગાવ, જીવદયા અને પર્યાવરણ સંરક્ષણનો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો. આવી પ્રવૃત્તિઓથી સમાજમાં સકારાત્મક ઉર્જા ફેલાય છે અને દરેકને પ્રેરણા મળે છે કે આપણે પણ નાનાં નાનાં પ્રયાસો દ્વારા જીવજંતુઓ અને પર્યાવરણ માટે યોગદાન આપી શકીએ. આ સફળ કાર્યક્રમ માટે તમામ આયોજકો, મહાનુભાવો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું પૂજ્ય મધુગીરી મહારાજ, શ્રી દિનેશભાઈ વાઘેલા, શ્રી ભરતભાઈ રાવલ, શ્રી મૌલિકભાઈ રાવલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મિહિરભાઈ પાધ્યા, શ્રી નિરંજનભાઇ ઠાકર, શ્રી જયેશભાઈ પંડ્યા, હેતલબેન પંચાલ, યુવા મોરચાના પ્રમુખ તેમજ મહામંત્રીશ્રી, સંગઠનના હોદ્દેદારો તેમજ નગરપાલિકાના કોર્પોરેટરશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

